# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન", એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨,૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.gujratcongress.org • E-mail: gpcc1234@gmail.com


---

અખબારી યાદી                                                                 તા. ૧૨-૦૯-૨૦૨૨

- **૨૭ વર્ષના ભાજપના શાસનમાં બક્ષીપંચ, દલિત, આદિવાસી અને માઈનોરીટીને હળહળતો અન્યાય : અમિત ચાવડા**
- **હવે કોંગ્રેસ આપશે બક્ષીપંચ, દલિત, આદિવાસી અને માઈનોરીટીને સન્માન અને ન્યાય : અમિત ચાવડા**
- **આદિવાસી - દલિત - માઈનોરીટી - ઓ.બી.સી. સમાજના વિદ્યાર્થીઓને સ્કોલરશીપ નિયમીત મળતી નથી અને ગુજરાતમાં ફ્રીશીપ કાર્ડની યોજના પણ બંધ કરી દેવામાં આવી છે : જીગ્નેશ મેવાણી**
- **નોકરીઓમાં અનામતનો લાભ ન મળે તેના માટે કોન્ટ્રાક્ટ પધ્ધતિ અમલમાં મુકી દેવામાં આવી છે : રૂત્વિક મકવાણા.**

પત્રકાર પરિષદને સંબોધન કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પૂર્વ પ્રમુખશ્રી અમિત ચાવડાએ જણાવ્યું હતું કે, ભારત દેશના બંધારણે આ દેશના તમામ નાગરિકોને જાતિ-ભાષા-ધર્મ-પ્રાંતના ભેદભાવ સિવાય, દેશના સાધન, સંસાધન અને સત્તામાં સમાન અધિકાર આપેલ છે અને શાસકોએ જાતિ-ભાષા-ધર્મ-પ્રાંતના ભેદભાવ સિવાય શાસન ચલાવવાનું હોય છે. કમનસીબે ગુજરાતમાં છેલ્લા ૨૭ વર્ષથી ભાજપ સરકારનું કુશાસન ચાલે છે અને એમાં જે રીતે સામાજીક સમરસતા ડહોળાઈ અને જે રીતે સમાજમાં ભેદભાવ ઉભો થાય એ રીતે શાસન કરવામાં આવી રહ્યું છે. એના સામે સામાજીક ન્યાય અને સામાજીક અધિકાર માટે જે ગરીબ સમાજો છે એને સંગઠિત થઈને રસ્તા ઉપર ઉતરવુ પડે એ દિવસોનું નિર્માણ થયું છે. ગુજરાતમાં કુલ વસ્તીના બાવન ટકા વસ્તી બક્ષીપંચ સમાજની છે, સાત ટકા વસ્તી દલિત સમાજ, ચૌદ ટકા વસ્તી આદિવાસી સમાજ અને નવ ટકા વસ્તી લઘુમતિ સમાજની છે. આ ચારે સમાજોનો સરવાળો કરી એ તો ૧૦૦ માંથી ૮૨ ટકા વસ્તી બક્ષીપંચ, દલિત, આદિવાસી અને લઘુમતી સમાજની થાય છે. આ સમાજના પણ દરેક લોકો સરકારી તીજોરીમાં મોટા પ્રમાણમાં ટેક્ષ જમા કરે છે. રાષ્ટ્ર અને રાજ્યના વિકાસમાં વર્ષોથી યોગદાન આપી રહ્યાં છે અને અન્ય સમાજોની જેમ તેમનો પણ એટલો જ સમાન અધિકાર છે. આ સમાજો આર્થિક, સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત છે અને તેમને વિશેષ મદદની જરૂરીયાત છે. પણ કમનસીબે ભાજપના શાસકો અને એમની વિચારધારા મુજબ આ ચારેય સમાજોને વ્યાપક પ્રમાણમાં અન્યાય કરે છે, એમની ઘોર અનદેખી કરે છે તથા એમની સાથે ભેદભાવ પૂર્વકનું વર્તન થઈ રહ્યું છે. આ સમાજોને રાજકીય રીતે તો યોગ્ય પ્રતિનિધિત્વ નથી મળતુ પણ બજેટની ફાળવણીમાં પણ અન્યાય થઈ રહેલ છે અને આ સમાજો પાછળ રહી જાય તથા સમાજના બાળકો, યુવાનો ખાલી સેવા અને મજુરીના કામમાં જોતરાઈ રહે એવી આ માનસિકતા આ સરકાર ધરાવે છે. સરકાર દ્વારા જે બજેટ ફળવાય છે તેની વાત કરીએ તો રાજ્યની બાવન ટકા વસ્તી ધરાવતા બક્ષીપંચ સમાજના આર્થિક સામાજીક અને શૈક્ષણિક વિકાસ માટે જે અલગથી વિભાગ બનાવવામાં આવેલ છે. દર વર્ષે રાજ્ય સરકારનું જે બજેટ બને છે તેની સામે બાવન ટકા વસ્તી ધરાવતા ઓ.બી.સી. સમાજને બજેટમાંથી એક ટકો પણ રકમ સમાજના બાળકોના શિક્ષણ માટે, યુવાનોના રોજગાર માટે અને આર્થિક સામાજીક ઉત્થાન માટે ફાળવવામાં નથી આવતી.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પૂર્વ પ્રમુખશ્રી અમિત ચાવડાએ વધુમાં જણાવ્યું હતું કે, થોડા વર્ષો પહેલા જે ગુજરાતમાં આંદોલનો થયા તથા કોંગ્રેસ પક્ષે પણ આ આંદોલનને સમર્થન કરેલ હતું ત્યારબાદ ગુજરાતમાં બિન અનામત આયોગની રચના કરવામાં આવી, કોંગ્રેસ પક્ષે પણ બિન અનામત વર્ગને પણ વીસ ટકા અનામત મળવી જોઈએ એવી ભલામણ સામેનું સમર્થન કર્યું હતું. આ કોર્પોરેશનમાં ૨૦૧૮ થી દર વર્ષે ૫૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે તેનો અમે કોઈપણ જાતનો વિરોધ નથી કરતા અમે કહીએ છીએ કે, ૫૦૦ કરોડના બદલે ૧૦૦૦ કરોડ ફાળવો કે તેનાથી વધુ પણ ફાળવો પરંતુ ૮૨ ટકા વસ્તી બક્ષીપંચ, દલિત, આદિવાસી અને માઈનોરીટીને પણ સમાન બજેટ ફાળવવું જોઈએ. રાજ્યમાં મોટામાં મોટી વસ્તી ઠાકોર, બારૈયા, કોળી સમાજ એના આર્થિક વિકાસ માટે જે નિગમ બનાવ્યું છે. ૨૦૧૯-૨૦ના વર્ષમાં આ નિગમને માત્ર ૧૯ કરોડની જોગવાઈ કરવામાં આવી

છે અને ૨૦૨૦-૨૧માં ફક્ત ૧૩ કરોડની ફાળવણી કરવામાં આવી છે. આ રીતે નજીવી ફાળવણી કરીને જાણે ખેરાત કરતા હોય એ પ્રમાણેની માનસિકતા સરકારની દેખાઈ રહી છે. ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમમાં ૨૦૨૦-૨૧માં ફક્ત ૧૫ કરોડ અને ૨૦૨૧-૨૨માં ફક્ત ૫ કરોડની ફાળવણી થઈ છે. ગુજરાત ગોપાલક નિગમનો બે વર્ષનો ફાળવણીનો આંકડો ફક્ત ૨૦ કરોડ છે. વિચરતી વિમુક્ત જાતિ વિકાસ નિગમની બે વર્ષની ફાળવણી ફક્ત ૧૭ કરોડ છે. એકબાજુ બિનઅનામત આયોગ માટે દર વર્ષે ૫૦૦ કરોડ અને બક્ષીપંચ, દલિત, આદિવાસી અને માઈનોરીટી માટે જેટલા નિગમો છે એમના માટે ફક્ત ૧૧૭ કરોડની ફાળવણી કરવામાં આવે છે. એનો સ્પષ્ટ મતલબ છે કે ભાજપની સરકાર અસમાનતા અને ભેદભાવને પોશી રહી છે, આ અન્યાય સામે આ સમાજનો આક્રોશ છે, ફક્ત રાજ્ય સરકાર ભેદભાવ કરે છે એટલુ જ નહી પરંતુ કેન્દ્ર સરકાર પણ આજ રીતે બજેટ ફાળવણીમાં અન્યાય કરી રહે છે. આને લઈને બક્ષીપંચ, દલિત, આદિવાસી અને માઈનોરીટીના તમામ લોકો સાથે મળીને આ સામાજીક ભેદભાવની સામે લડાઈનું નેતૃત્વ કોંગ્રેસ કરશે. અને તમામ સમસ્યાઓના નિવારણ રૂપે કોંગ્રેસ પક્ષનો પહેલો સંકલ્પ છે ગુજરાતના જાતિ આધારીત વસ્તિગણતરી તાત્કાલીક કરવામાં આવે. જેથી કરીને જે સમાજની જેટલી વસ્તી છે એને આધારીત આવનારા દિવસોમાં લાભો આપવાની નીતિ બને. કોંગ્રેસ પક્ષના બક્ષીપંચ, દલિત, આદિવાસી અને માઈનોરીટી સેલની સાથે મળી ૨૭ વર્ષના ભાજપના શાસનના અન્યાય સામે દરેક શહેર - જીલ્લા - ઝોનમાં કાર્યક્રમો - સંમેલનોની શરૂઆત થશે અને આવનારી કોંગ્રેસની સરકાર બક્ષીપંચ, દલિત, આદિવાસી અને માઈનોરીટી ને ન્યાય અને સન્માન આપશે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના કાર્યકારી પ્રમુખ અને ધારાસભ્યશ્રી જીગ્નેશ મેવાણીએ પત્રકાર પરિષદને સંબોધન કરતાં જણાવ્યું હતું કે, બક્ષીપંચ, દલિત, આદિવાસી અને માઈનોરીટી સમાજને ઈરાદાપૂર્વક જાણીજોઈને હાસીયામાં ધકેલવા માટે ભાજપની સરકાર કારસો કરી રહી છે. ગુજરાતની વિધાનસભામાં કોંગ્રેસ પક્ષના ધારાસભ્યોએ આ મુદ્દે સતત રજુઆત કરેલ છે છતાં જાણીજોઈને અન્યાય કરવામાં આવે છે. ગુજરાતમાં દલિત સમાજની વસ્તી સાત ટકા છે તેને પણ સમાન બજેટ ફાળવવામાં આવતુ નથી અને જે બજેટ ફાળવવામાં આવે છે તેના નાણાં પણ બીજી જગ્યાએ ખર્ચવામાં આવે છે. જે સમાજ શોષીત, પીડીત, વંચિત છે તેવા આદિવાસી - દલિત સમાજના મોઢાનો કોળીયો ઝૂટવીને સરકાર અદાણી, અંબાણી જેવા ઉદ્યોગગૃહોને ફાયદો કરાવી રહી છે. ડૉ. બાબાસાહેબ આંબેડકરના નામે દરેક તાલુકે જે આંબેડકર ભવનો બનાવવાની વાત હતી આખા ગુજરાતમાં દરેક જગ્યાએ આંબેડકર ભવનો બનાવવાનું બંધ કરી દીધુ. આદિવાસી - દલિત - માઈનોરીટી - ઓ.બી.સી. સમાજના વિદ્યાર્થીઓને સ્કોલરશીપ પણ નિયમીત મળતી નથી. ગુજરાતમાં ફ્રીશીપ કાર્ડની યોજના પણ બંધ કરી દેવામાં આવી છે. વિદેશ લોનના નાણાં પણ નિયમીત ચુકવાતા નથી, બિન અનામત આયોગનો જે લાભ સમાજના વર્ગોને ૫૦૦ કરોડનો મળે છે તેને તમે ૫૦૦૦ કરોડનો આપો અમોને કોઈ વાંધો નથી પરંતુ ગુજરાતની ૮૨ ટકા વસ્તી ધરાવતા સમાજને તુચ્છ રકમ ફાળવો છો તે હવે કોઈપણ સંજોગોમાં હવે ચલાવી લેવામાં નહીં આવે. કોંગ્રેસ સંગઠિત બની સમગ્ર ગુજરાતમાં આ ૮૨ ટકા વર્ગને જે સીસ્ટમેટીક અન્યાય થયેલ છે એની વાતને લઈને ન્યાય અને સન્માન માટે લડશે. ભાજપની સરકાર માટે સૌનો સાથ અને સૌનો વિકાસ માઈનસ બક્ષીપંચ, દલિત, આદિવાસી અને માઈનોરીટી છે એ હવે પ્રસ્થાપિત થઈ ચુક્યું છે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના કાર્યકારી પ્રમુખ અને ધારાસભ્યશ્રી રૂત્વિક મકવાણાએ પત્રકાર પરિષદને સંબોધન કરતાં જણાવ્યું હતું કે, ભાજપ સરકાર દ્વારા છેલ્લા ૨૭ વર્ષના શાસનમાં તેમની જે મુળભૂત નીતિઓ છે તેના અનુસંધાને બક્ષીપંચ, દલિત, આદિવાસી અને માઈનોરીટીને મુખ્ય ધારામાંથી દુર કઈ રીતે થાય એ નીતિ ઉપર સરકાર કામ કરી રહી છે. કોંગ્રેસ પક્ષે બક્ષીપંચ, દલિત, આદિવાસી અને માઈનોરીટી ને સત્તામાં ભાગીદારી મળે, સમાન હકક - અધિકાર મળે તેના માટે હંમેશા પહેલ કરી છે. માત્ર બજેટની ફાળવણીમાં જ નહી પણ શિક્ષણની પરિસ્થિતિ પણ એ રીતે કરી દેવામાં આવી છે કે ગામડાઓમાં બક્ષીપંચ, દલિત, આદિવાસી અને માઈનોરીટીના બાળકોને શિક્ષણ મળતુ બંધ થઈ જાય તે રીતે શાળાઓ બંધ કરી દેવામાં આવી છે. ગ્રાન્ટેડ શાળાઓ અને ગ્રાન્ટેડ છાત્રાલયોની ફાળવણી સદંતર બંધ છે. નોકરીઓ માટે પણ આ સમાજોને અનામતનો લાભ ન મળે તેના માટે કોન્ટ્રાક્ટ પધ્ધતિ અમલમાં મુકી દેવામાં આવી છે. આમ ગરીબ, શોષીત, વંચિતોને અધિકારથી દુર રાખવાનું વ્યવસ્થિત પુરવારનું ભાજપનું ષડયંત્ર પુરવાર થયું છે.

ધારાસભ્યશ્રી ગ્યાસુદ્દીન શેખે પત્રકાર પરિષદને સંબોધન કરતાં જણાવ્યું હતું કે, કોંગ્રેસ પક્ષે જે આગામી કાર્યક્રમ નક્કી કર્યો છે કે, જે રીતે ગુજરાતની બક્ષીપંચ, દલિત, આદિવાસી અને માઈનોરીટીની ૮૨ ટકા વસ્તી સાથે ૨૭ વર્ષથી ભાજપ સરકાર અન્યાય કરી રહી છે તથા દર વર્ષે લઘુમતિ સમાજના બજેટમાં પણ ઘટાડો કરી રહી છે, જે લોકો ગરીબ છે તે આ ૮૨ ટકા સિવાયના પણ સવર્ણ સમાજના હોય તેમને પણ જે અન્યાય થઈ રહ્યો છે તે બાબતે ગુજરાતના સમગ્ર શહેર - જીલ્લા - તાલુકામાં સમાજને સાથે રાખીને કોંગ્રેસ પક્ષ આગામી દિવસોમાં તેમને ન્યાય અને સન્માન અપાવશે.

ઉપરોક્ત રાજીવ ગાંધી ભવન ખાતેની પત્રકાર પરિષદમાં ધારાસભ્ય સર્વશ્રી પુનાભાઈ ગામીત, શ્રી રાજેશભાઈ ગોહિલ, શ્રી લાખાભાઈ ભરવાડ, શ્રી ઈમરાન ખેડાવાલા, ઓ.બી.સી. ડીપાર્ટમેન્ટના ચેરમેનશ્રી ઘનશ્યામ ગઢવી, એસ.સી. ડીપાર્ટમેન્ટના ચેરમેનશ્રી હિતેન્દ્ર પીઠડીયા, માઈનોરીટી ડીપાર્ટમેન્ટના ચેરમેનશ્રી વજીરખાન પઠાણ, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મુખ્ય પ્રવક્તા ડૉ. મનિષ દોશી, મીડીયા કોર્ડીનેટરશ્રી હેમાંગ રાવલ ઉપસ્થિત રહ્યાં હતાં.

## રાજ્ય સરકાર દ્વારા વિવિધ બોર્ડ અને નિગમોને આપવામાં આવેલ સહાય

| ક્રમ | નિગમનું નામ | વર્ષ | અંદાજપત્રમાં નિગમને ફાળવણી કરવામાં આવેલ રકમ (લાખમાં) | તા. ૩૧-૧૨-૨૦૨૧ સુધીની રકમ (લાખમાં) |
|---|---|---|---|---|
| 1. | ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશન | ૨૦૨૦-૨૧ | રૂ. ૭૦૦.૦૦ | રૂ. ૧૩૦૦.૦૦ |
| | | ૨૦૨૧-૨૨ | રૂ. ૬૦૦.૦૦ | |
| 2. | ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ | ૨૦૨૦-૨૧ | રૂ. ૨૩૬૦.૦૦ | રૂ. ૪૧૬૦.૦૦ |
| | | ૨૦૨૧-૨૨ | રૂ. ૧૮૦૦.૦૦ | |
| 3. | ડૉ. આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ | ૨૦૨૦-૨૧ | રૂ. ૪૦૦.૦૦ | રૂ. ૯૦૦.૦૦ |
| | | ૨૦૨૧-૨૨ | રૂ. ૫૦૦.૦૦ | |
| 4. | ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ | ૨૦૨૦-૨૧ | રૂ. ૧૯૧૦.૦૦ | રૂ. ૩૨૩૧.૩૮ |
| | | ૨૦૨૧-૨૨ | રૂ. ૧૩૨૧.૩૮ | |
| 5. | ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ | ૨૦૨૦-૨૧ | રૂ. ૧૫૦૦.૦૦ | રૂ. ૨૦૬૪.૨૨ |
| | | ૨૦૨૧-૨૨ | રૂ. ૫૬૪.૨૨ | |
| 6. | ગુજરાત ગોપાલક વિકાસ નિગમ | ૨૦૨૦-૨૧ | રૂ. ૧૪૦૦.૦૦ | રૂ. ૨૦૧૫.૫૨ |
| | | ૨૦૨૧-૨૨ | રૂ. ૬૧૫.૫૨ | |
| 7. | ગુજરાત અલ્પસંખ્યક નાણા અને વિકાસ નિગમ | ૨૦૨૦-૨૧ | રૂ. ૧૬૦૦.૦૦ | રૂ. ૨૩૧૬.૫૫ |
| | | ૨૦૨૧-૨૨ | રૂ. ૭૧૬.૫૫ | |
| 8. | ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ | ૨૦૨૦-૨૧ | રૂ. ૧૨૦૦.૦૦ | રૂ. ૧૭૬૪.૨૨ |
| | | ૨૦૨૧-૨૨ | રૂ. ૫૬૪.૨૨ | |
| 9. | ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ | ૨૦૨૦-૨૧ | રૂ. ૪૧૮૪૪.૦૦ | રૂ. ૫૪૪૪૪.૦૦ |
| | | ૨૦૨૧-૨૨ | રૂ. ૧૨૬૦૦.૦૦ | |
| | | | કુલ | રૂ. ૭૨૧૯૫.૮૯ |

# કેન્દ્ર સરકાર દ્વારા વિવિધ બોર્ડ અને નિગમોને આપવામાં આવેલ સહાય અને લોન પત્રક

<table>
<tr><th>ક્રમ</th><th>નિગમનું નામ</th><th>વર્ષ</th><th>લોન<br>(લાખમાં)</th><th>સહાય<br>(લાખમાં)</th></tr>
<tr><td rowspan="2">1.</td><td rowspan="2">ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશન</td><td>૨૦૨૦-૨૧</td><td>રૂ. ૧૪૪૭.૦૦</td><td rowspan="2">રૂ. ૮૫૦.૫૭</td></tr>
<tr><td>૨૦૨૧-૨૨</td><td>-</td></tr>
<tr><td rowspan="2">2.</td><td rowspan="2">ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ</td><td>૨૦૨૦-૨૧</td><td>રૂ. ૮૧.૪૫</td><td rowspan="2">-</td></tr>
<tr><td>૨૦૨૧-૨૨</td><td>-</td></tr>
<tr><td rowspan="2">3.</td><td rowspan="2">ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ</td><td>૨૦૨૦-૨૧</td><td>રૂ. ૮૦૦.૦૦</td><td rowspan="2">-</td></tr>
<tr><td>૨૦૨૧-૨૨</td><td>રૂ. ૭૦૦.૦૦</td></tr>
<tr><td rowspan="2">4.</td><td rowspan="2">ગુજરાત ગોપાલક વિકાસ નિગમ</td><td>૨૦૨૦-૨૧</td><td>રૂ. ૨૦૦.૦૦</td><td rowspan="2">-</td></tr>
<tr><td>૨૦૨૧-૨૨</td><td>-</td></tr>
<tr><td rowspan="2">5.</td><td rowspan="2">ગુજરાત અલ્પસંખ્યક નાણા અને વિકાસ નિગમ</td><td>૨૦૨૦-૨૧</td><td>રૂ. ૫૬૪.૦૦</td><td rowspan="2">-</td></tr>
<tr><td>૨૦૨૧-૨૨</td><td>રૂ. ૨૦૦.૦૦</td></tr>
</table>

હેમાંગ રાવલ
મીડીયા કોર્ડીનેટર